# જ્ઞાનજ્યોતિ
# સાવિત્રીબાઈ ફુલે



પ્રો.હરિ નરકે

અનુવાદ: ડૉ. ગણપત વણકર

# જ્ઞાનજ્યોતિ

# સાવિત્રીબાઈ ફુલે

## પ્રો. હરિ નરકે

અનુવાદ:

ડૉ.ગણપત વણકર

Gnanjyoti Savitribai Phule

By Hari Narke

Gujarati Translation by Dr.G.K.Vankar


પ્રથમ ડિજિટલ આવૃત્તિ,

સાવિત્રીબાઈ જન્મદિન, 3 જાન્યુઆરી, 2024



કોપીરાઈટ: ડૉ. જી.કે.વણકર



19 ઉત્તર ગુજરાત સંગમ સોસાયટી

મેઘાણી નગર

અમદાવાદ 3980016

મો.8208541974

E mail:drgkvankar@yahoo. com



અમૂલ્ય

## અનુક્રમ


| | |
|---|---|
| પ્રકરણ:1 | 1 |
| પ્રકરણ:2 | 4 |
| પ્રકરણ:3 | 10 |
| પ્રકરણ:4 | 14 |
| પ્રકરણ:5 | 17 |
| પ્રકરણ:6 | 21 |
| **સાવિત્રીબાઈ ફૂલે : જીવન અને કાર્ય** | 24 |

# પ્રકરણ 1

"જોતીરાવ કરતાં પણ એમનાં પત્ની વધારે પ્રશંસાને પાત્ર છે.એમનું કદ કેટલું છે? એ વર્ણવવા શબ્દો અપૂરતા છે.તેઓએ પોતાના પતિને પૂરેપૂરો સાથ આપ્યો અને એમની સાથે રસ્તે આવતી તમામ તકલીફો ને કસોટીઓનો સામનો કર્યો.ઉચ્ચ જાતિની ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ સ્ત્રીઓમાં પણ આવું બલિદાન આપતી સ્ત્રી મળવી મુશ્કેલ છે.આ યુગલે આજીવન લોકો માટે કામ કરવામાં ગુજાર્યું."
નારાયણ મહાદેવ ઉર્ફે મામા પરમાનંદ
31 જુલાઈ,1890.

ભારતના સામાજિક અને શિક્ષણના ઇતિહાસમાં મહાત્મા જોતીરાવ ફૂલે અને એમનાં પત્ની સાવિત્રીબાઈ ફૂલે એક અસાધારણ દંપતી તરીકે અલગ તરી આવે છે.સ્ત્રીપુરુષ સમાનતા અને સામાજિક ન્યાયની ચળવળના વિકાસની ચળવળમાં તેઓ સંઘર્ષરત રહ્યાં.જ્ઞાન એક શક્તિ છે ને સ્ત્રીઓ અને દલિત બહુજનોની પ્રગતિ એના વગર શક્ય નથી એનો એમને ખ્યાલ હતો એટલે એમણે એમનું સમગ્ર જીવન શિક્ષણ ફેલાવવા પાછળ ખર્ચી નાખ્યું. સૌ પ્રથમ કન્યાશાળા અને લાઈબ્રેરી ખોલવાનું એમને ભાગે હતું.ભારતમાં 1854-55ના ગાળામાં એમણે આ શિક્ષણ મિશન શરૂ કર્યું.1863માં પોતાના ઘરમાં જ તેમણે શિશુહત્યા પ્રતિબંધ માટે આશ્રમ શરૂ કર્યો, જેમનો ગેરલાભ ઉઠાવવામાં આવ્યો હોય ને ગર્ભવતી થઈ ગઈ હોય એવી સ્ત્રીઓની સલામતી ને એમનાં સંતાનોના ઉછેર માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.સત્યશોધક સમાજની સ્થાપના કરી સત્યશોધક લગ્નની શરૂઆત કરાવી-આ લગ્ન દહેજ આપવા લેવા સિવાયનું અને ઓછામાં ઓછા ખર્ચે થતું લગ્ન હતું. જોતીરાવે પોતાનો અંગત કૂવો અસ્પૃશ્યો માટે ખુલ્લો મૂકી દીધો હતો:આ જાતિવ્યવસ્થા પર સીધેસીધો પ્રહાર હતો.જોતીરાવ અને સાવિત્રીબાઈએ બાળલગ્નો રોકવાનું જ કામ ન કર્યું, એમણે વિધવાવિવાહ પણ કરાવ્યા.એમના લગ્નજીવનમાં સંતાન થયું નહોતું એટલે એમણે

એક વિધવા બ્રાહ્મણ કાશીબાઈના દીકરાને દત્તક લીધો, એને ભણાવીગણાવી ડૉક્ટર બનાવ્યો અને એનું આંતરજ્ઞાતિય લગ્ન પણ કરાવ્યું હતું.
સ્ત્રીઓ-શુદ્રો અતિશુદ્રોની સાંસ્કૃતિક સામાજિક શૈક્ષણિક ક્રાન્તિ માટેની ચળવળ ઉપાડી આ દંપતીએ ઐતિહાસિક કાર્ય કર્યું. એક અનામી પત્રકારે પૂના ઓબ્ઝર્વર અને ડેક્કન હેરાલ્ડ છાપાંમાં લખ્યું હતું કે,"આ કાર્ય હિંદુ સભ્યતાના ઇતિહાસમાં નવા યુગનો આરંભ કરતું હતું." આ નવા ક્રાંતિકારી યુગની શરૂઆત હતી.

સ્વાતંત્ર્ય પૂર્વે એ ચર્ચા થતી હતી કે અગ્રીમતા શાને આપવી - સામાજિક સુધારાને કે રાજકીય સુધારાને? બ્રિટિશ નામનો દુશ્મન દેખાઈ આવતો હતો એટલે આપણે રાજકીય સ્વતંત્રતાને અગ્રીમતા આપી.લોકો માનતા કે એકવાર રાજકીય સ્વતંત્રતા હાંસલ કરી લઈશું તો સામાજિક સમસ્યાઓનો આપોઆપ ઉકેલ આવી જશે.પરંતુ દિવસો જતાં એ ભ્રમ ભાંગ્યો. લોકોએ વિવિધ ક્ષેત્રોમાં સામાજિક ન્યાય માટે ચળવળ શરૂ કરી, જોતીરાવ અને સાવિત્રીબાઈએ શરૂ કરેલ કાર્ય એમાં માર્ગદર્શક દીવાદાંડી સમાન છે એવો ખ્યાલ આવ્યો. લોકો ફૂલે -શાહુ- આંબેડકરના જીવનકાર્યમાં રસ લેતા થયા.એમને ભાન થયું કે તેઓના વિચારો, મનન અને વિશ્લેષણ આજે પણ એટલાં જ ઉપયોગી અને પ્રસ્તુત છે.

જોતીરાવ અને સાવિત્રીબાઈ પર બસો જેટલાં મરાઠી પુસ્તકો લખવામાં આવ્યાં છે.મરાઠી ઉપરાંત હિંદી, અંગ્રેજી,તેલુગુ, કન્નડ,પંજાબી, સિંધી, ઉર્દૂ અને ગુજરાતી ભાષાઓમાં પણ પુસ્તકો પ્રકાશિત થયાં છે જેમાંનાં 40 પુસ્તકો સાવિત્રીબાઈ પર લખાયાં છે.

1939 માં શાંતાબાઈ રઘુનાથ બેંકરે 'સાવિત્રીબાઈ ફૂલે ચાંચે અલ્પચરિત્ર' અને ફૂલવંતાબાઈ ઝોડગે એ 1966 માં લખેલ 'ક્રાંતિદેવતા સાધ્વી સાવિત્રી બાઈ ફૂલે' ખાસ અગત્યનાં છે.

એને પગલે ડૉ. એમ.જી.માળી એ 1980 માં 'ક્રાન્તિજ્યોતિ સાવિત્રીબાઈ ફૂલે' નામની જીવનકથા લખી તો 1982 માં સાવિત્રીબાઈના જીવન અને સાહિત્ય વિશે કે.પી.દેશપાંડે એ

'અગ્નિફૂલે'નામનું પુસ્તક લખ્યું. આ પછી પ્રકાશિત થયેલ પુસ્તકો, અગાઉ પ્રસિદ્ધ થયેલ પુસ્તકોને આધારે જ છે અને તેઓ કોઈ નવી માહિતી આપતાં નથી.પરંતુ એ દુઃખની વાત છે કે હજી સાવિત્રીબાઈના જીવન પર કોઈ આલોચનાત્મક જીવનકથા હજી સુધી લખવામાં આવી નથી.

સાવિત્રીબાઈનો જન્મ 3 જાન્યુઆરી,1831 ના દિવસે નાયગાંવમાં થયો હતો. નાયગાંવ પૂના સતારા રોડ પર શિરવાળથી 5 કિલોમીટર દૂર અને પૂનાથી 50 કિલોમીટર દૂર આવેલું છે. ખંડોજી નવશે પાટીલનાં એ સૌથી મોટાં દીકરી.1840 માં માત્ર દસ વરસની ઉંમરે એમનું લગ્ન પૂનાના તેર વરસના જોતીરાવ ફૂલે(જન્મ તા.11 એપ્રિલ, 1827) સાથે કરવામાં આવ્યું. સરકારી રેકોર્ડ મુજબ જોતીરાવે પોતે સાવિત્રીબાઈને ઘેર જ ભણાવ્યાં.1 મે, 1851 થી 30 એપ્રિલ, 1852 ના એજ્યુકેશન રિપોર્ટ મુજબ જોતીરાવે એમનાં પત્નીને ઘેર જ ભણાવ્યાં અને શિક્ષક થવા તાલીમ આપી. 22 નવેમ્બર,1851 ના 'બોમ્બે ગાર્ડીયન'ના એક સમાચાર મુજબ સાવિત્રીબાઈની આગળ અભ્યાસની જવાબદારી જોતીરાવના મિત્રો સખારામ યશવંત પરાંજપે અને કેશવ શિવરામ ભાવલકર(જોશી)એ ઉપાડી હતી.સાવિત્રીબાઈએ મિસ ફરારની અહમદનગરની શિક્ષક તાલીમ સંસ્થામાં તથા મિસ મિશેલની પૂના ખાતેની નોર્મલ સ્કુલ ખાતે શિક્ષક તાલીમ લીધી હતી. જો આ દસ્તાવેજ ગણતરીમાં લઈએ તો સાવિત્રીબાઈ ફૂલે પ્રથમ ભારતીય સ્ત્રી શિક્ષિકા અને આચાર્યા હતાં.ઘરનો ઉંબરો ઓળંગી શિક્ષણકાર્ય કરવું એ આધુનિક ભારતીય મહિલાનું જાહેરજીવનમાં પહેલું પગલું હતું.

હન્ટર કમિશન આગળ 19 ઓક્ટોબર,1882 ના દિવસે કરેલ રજૂઆતમાં જોતીરાવે કહ્યું હતું "દેશી કહી શકાય એવી કોઈ કન્યાશાળા નહોતી એટલે મને આવી શાળા ખોલવાની પ્રેરણા મળી હતી.મારી પત્નીએ અને મેં એ શાળામાં ઘણાં વરસો કામ કર્યું હતું.એજ્યુકેશન બોર્ડના ચેરમેન સર આર્સ્કિન અને એ વેળાના સરકારના સેક્રેટરી લ્યુમ્સડેન કન્યાશાળાની મુલાકાતે આવેલા અને શિક્ષણ ક્ષેત્રે નવી ચળવળ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો."

## પ્રકરણ 2

15 સપ્ટેમ્બર,1853 ના દિવસે 'જ્ઞાનોદય'ને આપેલા એક ઇન્ટરવ્યૂમાં જોતીરાવે કહ્યું હતું કે, "મને હતું કે બાળકમાં જે સુધારો થાય તે એની માતાને કારણે થાય છે.એટલે જેઓ આ દેશમાં સુખાકારી અને કલ્યાણ જોવા માગે છે ને જો તેઓ દેશનો વિકાસ જોવા માંગતા હોય તો એમણે ચોક્કસપણે સ્ત્રીઓની સ્થિતિ પર ધ્યાન આપવું પડે ને એમને શિક્ષિત કરવાની કોશિશ કરવી પડે.એ વિચારે મેં પહેલી કન્યાશાળા શરૂ કરી.પરંતુ મારા જાતભાઈઓને આ ગમ્યું નહીં ને મારા પોતાના પિતાએ અમને ઘર બહાર કાઢયાં. શાળા માટે કોઈ જગા આપવા તૈયાર નહોતું.શાળા બાંધવા જરૂરી પૈસા પણ નહોતા.લોકો પોતાનાં બાળકોને શાળાએ મોકલવા પણ નહોતા માગતા. પરંતુ લાહુજી રાઘ રાઉત માંગ અને રણબા મહાર પોતાના જાતભાઈઓને શિક્ષણના ફાયદા ઠસાવવામાં સફળ થયા."
આ ઐતિહાસિક કાર્ય જોતી રાવે એમની ઉંમર હજી માંડ 21 વરસની હતી ત્યારે શરૂ કરેલું, એમને સાથ આપનાર સાવિત્રીબાઈની ઉંમર ફક્ત 18 વરસ હતી.

'શૂદ્ર'સમુદાય જેને હજારો વરસોથી શિક્ષણથી વંચિત રાખવામાં આવ્યો હતો એમણે પણ ઊંચી જાતિના લોકોની ચડામણીથી જોતી રાવના કામને દુષ્ટ ગણાવી વિરોધ કર્યો હતો. પરંતુ પોતાનું ઘર છોડવું પડ્યું તોય આ દંપતી એમના ધ્યેયમાંથી પાછાં હટયાં નહીં.જોતીરાવ મિશન શાળામાં અમુક કલાક આવક માટે ભણાવતાં અને બકીનો સમય પોતાની શાળાને આપતા.સાવિત્રી બાઈ તો શાળામાં પૂરો સમય કોઈ પગાર લીધા સિવાય આપતાં.એ સમયનાં છાપાંમાં એવી નોંધ મળે છે કે "દંપતીને ખાવાનો પણ સમય મળતો નહીં."

ઇતિહાસે એ નોંધ તો લીધી જ છે કે જોતીરાવને એમની ચળવળમાં એમના બ્રાહ્મણ સથીઓનો ફાળો હતો પરંતુ એમના દલિત સાથીઓની અવગણના થઈ છે.ખરેખર તો

હજારો વરસથી શિક્ષણથી વંચિત રાખવામાં આવેલ અછૂત જાતિઓનાં ફાળાને ક્રાંતિકારી ગણવું જોઈએ.

જોતીરાવ અને સાવિત્રીબાઈ પૂનાના દલિત શ્રમજીવી વિસ્તારમાં રહેતાં હતાં.એમના સામાજિક પ્રદાનમાં આસપાસના સાંસ્કૃતિક વાતાવરણનો અગત્યનો ફાળો હતો.જોતીરાવ બાળક હતા ત્યારે રૂઢિચુસ્ત બ્રાહ્મણની ફરિયાદને લીધે એમના પિતાએ એમને શાળામાંથી ઉઠાડી લીધા હતા.પરંતુ મુનશી ગફાર બેગ અને સર લિઝીટે જોતીરાવમાં તણખો જોયો હતો, એમણે ગોવિંદરાવને જોતી રાવનો અભ્યાસ ચાલુ રાખવા સમજાવ્યા હતા. જોતી રાવ કદી આ વિસર્યા નહીં.એમણે દલિત મુસ્લિમ છોકરીઓ માટે 1848 માં શાળા શરૂ કરી.એ માટેના કારણ વિશે સ્પષ્ટતા કરતાં એમણે કહ્યું,"શિક્ષણનો અભાવ,જાતિ આધારિત ભેદભાવ, ભાષા આધારિત ભેદભાવ દેશ માટે અભિશાપ છે.જ્યારે બધા ઉદાસીન હોય ત્યારે પ્રશ્ન એ ઉભો થાય કે કોને પહેલાં મદદ કરવી.પરંતુ આ પ્રશ્નથી નિષ્ક્રિય થઈ કશું જ ન કરવાને બદલે જેમની પીડા સૌથી વધારે હોયેમને સૌથી પ્રથમ મદદ કરવી બહેતર છે. જાતિને લીધે મહાર -માંગ વેઠતા આવ્યા છે,એમની આ પીડા શિક્ષણ જ દૂર કરી શકે.એટલે મેં કામની શરૂઆત એમનાથી જ કરી." મહાર-માંગ ને શિક્ષણ આપવા કરતાં કશું વધારે અગત્યનું નથી એમ નક્કી કરી જોતીરાવે પોતાનું કામ શરૂ કર્યું. એકલા એકલા કામ કરવાને બદલે એમણે એક મંડળી ઉભી કરી જેમાં એમના જેવા વિચારના લોકોએ ભેગા મળીને કામ કર્યું. ગઈ સદીમાં ઘણુંબધું કાર્ય આવી સંસ્થાઓના નેટવર્કથી થયું.આધુનિક ભારતમાં સંસ્થાગત કાર્ય અગત્યનું સાબિત થયું. જોતીરાવ અને સાવિત્રીબાઈએ બે સંસ્થાઓ ઉભી કરી, દેશી કન્યાશાળા અને મહાર માંગ વિદ્યા ઉત્તેજક મંડળ.પૂના વિસ્તારમાં આ સંસ્થાઓની મદદથી એમણે શાળાઓનું એક નેટવર્ક સ્થાપિત કર્યું.

કેટલાક વિદ્વાનોને મતે એમનું શિક્ષણ કાર્ય 1851 માં શરૂ થયું પણ આ સાચું લાગતું નથી.એમણે 1848 માં જપોતાનું કામ શરૂ કરી દીધું હતું.'જ્ઞાનોદય' અને 'બોમ્બે ક્રોનિકલ'માં એનો ઉલ્લેખ છે.18 ડિસેમ્બર,1889 ના દિવસે જોતીરાવ ના મૃત્યુ પછી એમને શ્રદ્ધાંજલિના

તંત્રીલેખમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે એમણે 1848 માં જ એમની કામગીરી શરૂ કરી હતી.'બોમ્બે ક્રોનિકલ'એ એની 22 નવેમ્બર 1851 ના રોજ વિસ્તૃત નોંધ કરી છે."જ્યારે સદાશિવ બલ્લાલ ગાવંડે એ હમદનગરમાં જજની ઓફિસમાં નોકરી શરૂ કરી ત્યારે તેઓ પોતાના મિત્ર જોતી રાવ ફૂલેને પોતાની સાથે નગર લઈ ગયા હતા.એક દિવસ બંને મિસ ફરારની કન્યાશાળાની મુલાકાતે ગયા.ત્યાંની વ્યવસ્થા જોઈ એમણે અફસોસ વ્યક્ત કર્યો કે એમના પોતાના દેશમાં છોકરીઓને શિક્ષણ આપવામાં આવતું નથી.ફૂલે પૂના પાછા ફર્યા અને ઊતના મિત્રોને પોતાની યોજના સમજાવી.પત્નીને તાલીમ આપ્યા પછી એમણે શાળા શરૂ કરી.પછી એમણે મહાર માંગ માટે શાળા શરૂ કરી.કમનસીબે છ મહિનામાં એમના પિતાએ બીજા લોકોના કહ્યામાં આવી જઈને ઘર બહાર કાઢી મૂક્યા.શાળાનું કામ ખોરંભે પડ્યું.ગોવંડે પૂના આવ્યા અને સાવિત્રી બાઈને પોતાની સાથે નગર લઈ ગયા.ચોમાસું શરૂ થતાં તેઓ પૂના પાછાં ફર્યાં.એ પછી કેશવ શિવરામ ભાવલકરે સાવિત્રીબાઈના શિક્ષણની જવાબદારી લીધી એમણે યુવા મહિલાઓને તાલીમ આપવાનું નક્કી કર્યું જેથી તેઓ આગળ ઉપર શાળામાં શિક્ષણકાર્ય કરી શકે.ભાવલકરે આવી મહિલાઓને એકત્ર કરી તાલીમ આપી. આમ ઓગસ્ટ,1848 માં શરૂ થયેલું કામ થોડોક સમય અટકી ગયું પરંતુ 1851 માં એ ફરી શરૂ થયું.

મુંબઇ આર્કાઈવ્ઝના રેકોર્ડમાં 5 ફેબ્રુઆરી,1852 ના દિવસે જોતીરાવે શાળા માટે સરકારી મદદ માટે અરજી કરેલી તે છે.એ પત્રની બીજી નકલ પૂના કોલેજના પ્રિન્સિપાલ મેજર કેન્ડીના ભલામણ પત્ર સાથે મોજુદ છે.એ અનુસાર ત્રણ કન્યાશાળાઓ 3 જુલાઈ,1851,1 નવેમ્બર,1851 અને 15 માર્ચ,1852 ના રોજ અનુક્રમે ચીપલૂણવાડા,રસ્તા પેઠ,અને વેતાલ પેઠ આગળ શરૂ કરવામાં આવી હતી.વડોદરા મહારાજાની નોંધ મુજબ ચાર, ત્રણ અને એક શિક્ષકની આ શાળાઓમાં અનુક્રમે 48,51અને 33 છોકરીઓ અભ્યાસ કરતી હતી.એમાંની પહેલી શાળામાં સાવિત્રીબાઈ આચાર્ય હતાં અને વિષ્ણુપંત મોરેશ્વરને વિઠઠલ ભાસ્કર સાથી શિક્ષકો હતા.પહેલી શાળામાં પહેલા દિવસે આઠ છોકરીઓ હતી, ટૂંક સમયમાં જ આ સંખ્યા અડતાલીસ જેટલી થઈ ગઈ.

16 ઓક્ટોબર,1851ના દિવસે શાળા ઇન્સ્પેકટર દાદોબા પાંડુરંગે શાળાનું નિરીક્ષણ કર્યું હતું.શાળા શરૂ થયે બહુ સમય થયો નહોતો તો પણ છોકરીઓની પ્રગતિ નોંધપાત્ર હતી આ શાળાઓની પહેલી વાર્ષિક પરીક્ષા 17 ફેબ્રુઆરી,1851ના રોજ થઈ.બીજી વાર્ષિક પરીક્ષા 12 ફેબ્રુઆરી ,1853ના રોજ પૂના કોલેજ ખાતે થઈ. આ પરીક્ષા વિશે જાણવા આતુર ઘણા લોકો ભેગા થઈ ગયા હતા.કોલેજ કેમ્પસમાં જ 3 હજાર લોકોની મેદની હતી તો કેમ્પસ બહાર પણ ઘણા લોકો ભેગા થયા હતા.237 છોકરીઓ પરીક્ષામાં બેઠી હતી.સંસ્થાના નાણાંકીય હિસાબનું પણ ઓડિટ થયું હતું.1947 રૂપિયા અને 50 પૈસા દાન પેટે અને સંચાલક મંડળ તરફથી મળ્યા હતસરકારની દક્ષિણા પ્રાઈઝ કમિટી તરફથી 900 રૂપિયા મળવાના હતા.સંસ્થાના પૈસાનો ચોક્કસ અને સમયસર હિસાબ જાહેર કરવો એવો જોતીરાવ અને સાવિત્રીબાઈનો આગ્રહ હતો.

બાબાજી માનાજીની કોચ ફેકટરી ખાતે અછૂત શાળાની પરીક્ષા 2 ફેબ્રુઆરી 1858ના રોજ થઈ જે પણ આરકાઈવઝમાં ઉપલબ્ધ છે.પહેલી પરીક્ષા 29 ઓગસ્ટ,1858ના રોજ થઈ હતી.સંસ્થાની ત્રણ શાળાઓ હતી અને એ વિસ્તારવાની યોજના હતી પરંતુ 1857ના બળવાને લીધે યુરોપીયનોએ એમની ગ્રાન્ટ ઓછી કરી દીધી હતી જેથી શાળાઓ માટે આર્થિક સંકટ ઉભું થયું હતું.દક્ષિણા પ્રાઇઝ કમિટીએ ફક્ત 300 રૂપિયા આપ્યા, સરકારે 5 હજાર રૂપિયા શાળા મકાન બનાવવા મંજૂર કર્યા હતા.રિપોર્ટ જણાવે છે કે શાળા બંધ કરવાનો વારો આવ્યો,આ એવે સમયે બન્યું જ્યારે અછૂતવર્ગના શિક્ષણની હજી શરૂઆત જ થઈ હતી.

ત્રણ શાળાઓમાં 258 બાળકો ભણતાં હતાં.જોતી રાવના સાથીઓ ગનુ શિવાજી માંગ અને ધુરાજી અપ્પાજી ચાંભાર આ શાળાઓમાં શિક્ષકો હતા. સરકારને એક પત્ર દ્વારા જણાવવામાં આવ્યું કે,"શિક્ષકોને સારો પગાર આપી શકાય એમ નથી કેમકે શાળાની આર્થિક હાલત કથળી ચૂકી છે.એટલે શિક્ષકો જ્યાં વધારે પગાર મળે છે ત્યાં જવાનું પસંદ

કરે છે.આમ શિક્ષકોનું શાળા છોડી ચાલ્યા જવું એ મોટી ખોટ છે. શાળાનાં આચાર્ય સાવિત્રી બાઈએ ઉદારતાપૂર્વક નક્કી કર્યું છે કે સ્ત્રીકેળવણી સુધારા માટે તેઓ કોઈ પગાર લીધા વિના કામ કરશે.અમે આશા રાખીએ છીએ કે માહિતી અને જ્ઞાનના પ્રસારથી લોકો સ્ત્રી કેળવણીની અગત્ય સમજશે."

એજ્યુકેશન બોર્ડના ચેરમેન માનનીય જ્હોન વોર્ડને જાહેર સમારંભમાં જણાવ્યું કે,"હું પૂનામાં પહેલી વાર કમિશનર તરીકે 1851માં આવ્યો.ત્યારે મેં કન્યાશાળાની મુલાકાત લીધી હતી. ત્યાં ગયા પછી મને યાદ આવ્યું કે ખ્રિસ્તી ઓ શરૂઆતમાં જે શાળાઓ ચલાવતા એમાં ઉપરના માળનાં બારણાં યહૂદીઓના ડરથી બંધ રાખતા હતા.એ શાળામાં માળી જાતિની એક વ્યક્તિની પત્ની હતી.એ વ્યક્તિએ પોતાની પત્નીને શિક્ષણ આપ્યું હતું જેથી તે પોતાનાં દેશબંધવોની ઉન્નતિ માટે ઉપયોગી થઈ શકે અને એમનું દયાજનક અજ્ઞાન દૂર થઈ શકે.મેં એમને મારી હાજરીમાં છોકરીઓને પ્રશ્ન પૂછવા જણાવ્યું.યુવા પરિણીત સ્ત્રીઓ માટે પણ ત્યાં તાલીમ વર્ગો ચાલતા હતા."

જોતીરાવ-સાવિત્રીબાઈની કોશિશની પ્રગતિ નોંધપાત્ર હતી.સરકારી શાળાઓમાં ઉપલી જાતિનાં બાળકો ભણતાં હતાં. એમાંના એક બાળકે 29 મે,1852ના 'પૂના ઓબ્ઝરવર'માં લખ્યું હતું કે, "જોતીરાવની શાળામાં છોકરીઓની સંખ્યા સરકારી શાળાઓમાં ભણતા છોકરાઓ કરતાં દસ ગણી વધારે હતી.એનું એક કારણ એ છે કે છોકરીઓને ભણાવવાની પદ્ધતિ સરકારી શાળાઓની પદ્ધતિ કરતાં બહેતર હતી.જો આ સ્થિતિ ચાલુ રહી તો જોતી રાવની શાળાની છોકરીઓ સરકારી શાળાના છોકરાઓ કરતાં વધારે સારી રીતે ભણશે અને આવનારી પરીક્ષાઓમાં બહેતર સિદ્ધિ મેળવશે. જો સરકારી એજ્યુકેશન બોર્ડ આ અંગે કશું જલદી નહીં કરે તો સ્ત્રીઓ પુરુષો જરતાં વધારે ઝળકી ઉઠશે અને પુરુષોનાં મસ્તક શરમથી ઝૂકી જશે."

બ્રિટિશ સરકારને જોતીરાવના ઐતિહાસિક કાર્યનો ખ્યાલ આવી ગયો અને 16 નવેમ્બર,1852ના દિવસે વિશ્રામ બાગ ખાતે વિશાળ જાહેર સમારંભમાં જોતીરાવનું શાલ ઓઢાડી સન્માન કર્યું. રૂઢિચુસ્તોએ જોતીરાવ જેવા શૂદ્રને મહાવસ્ત્ર(શાલ) ઓઢાડી સન્માન કરવા અંગે રંજ વ્યક્ત કર્યો.

જોતીરાવ અને સાવિત્રીબાઈએ એવા શિક્ષણ પર ભાર મૂક્યો જે વ્યવસાયિક હોય અને આગળ જતાં વિદ્યાર્થી સ્વાવલંબી અને સ્વતંત્ર વિચારના થઇ શકે.શાળા છોડ્યા પછી તેઓ જે કૌશલ્યો શીખ્યા હોય એના આધારે આરામદાયક અને સ્વતંત્ર જીવન ગુજારી શકે.
અધવચ્ચે શાળા છોડી જવાની બહુ કપરી સમસ્યા હતી.એ વખતે એમણે બહુ વહેવારુ ઉકેલ શોધ્યો શાળા છોડી જવા પાછળ બે મુખ્ય કારણો- ગરીબી અને શિક્ષણમાં રસ ન હોવો- જણાયાં હતાં.એમણે વિદ્યાર્થીઓને 'પગાર'આપવાનું અને વિદ્યાર્થીઓને રસ પડે એ મુજબનો અભ્યાસક્રમ ઘડી કાઢ્યો અને શિક્ષણના ફાયદા અને સુખાકારી દલિત બહુજનોને સમજાવવા અભિયાન આદર્યું.

જોતીરાવ અને સાવિત્રીબાઈ માનતાં કે શિક્ષણ સાચા ખોટાનો ભેદ કરતાં શીખવે,જીવનમાં સત્ય અસત્ય વચ્ચેનો તફાવત કરવાનું શીખવે એટલે એમણે એવો અવકાશ સર્જ્યો કે જેમાં વિદ્યાર્થીઓની સર્જકતા ખીલી ઉઠે.આ બાબતે એમને મળેલી સિદ્ધિ નોંધપાત્ર હતી.જ્યારે એક નાનકડી છોકરી એને મળેલ ઇનામ લેવા સ્ટેજ પર ગઈ ત્યારે એણે મુખ્ય મહેમાનને સહજ કહ્યું કે,"સાહેબ,મારે ઇનામ તરીકે રમકડાં નથી જોઈતાં.અમારે તો શાળા માટે પુસ્તકાલય જોઈએ છે."એનાં માતાપિતાની ફરિયાદ હતી કે એ છોકરી મધરાત સુધી વાંચ્યા જ કરતી.સરકારી ઇન્સ્પેક્ટરોએ શાળામાં સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણ, ઊંચી રૂચિ ને સર્જકતાને ઉત્તેજન તથા ચારિત્ર્ય નિર્માણ પર કેન્દ્રિત શાળાની તારીફ કરી હતી .

# પ્રકરણ 3

સાવિત્રીબાઈની એક માતંગ વિદ્યાર્થિની મુકતા સાલ્વે એ માત્ર ચૌદ વરસની ઉંમરે 1855માં આત્મકથાનાત્મક નિબંધ લખ્યો હતો.આ નિબંધ મહ્ત્વપૂર્ણ છે કેમકે મરાઠી સાહિત્યમાં એ માઇલસ્ટોન નિબંધ છે. આ નિબંધથી દલિત સાહિત્યની શરૂઆત થઈ એમ પણ કહી શકાય.

એણે લખ્યું હતું,
"આ લાડુખાઉ બ્રાહ્મણો કહે છે કે વેદ એમનો એકલાનો અધિકાર છે.બ્રાહ્મણેતર લોકો વેદ અભ્યાસ ન કરી શકે.શું આનો અર્થ એ ન થાય કે આપણો કોઈ ધર્મ નથી જ્યારે આપણા કહેવાતા ધર્મગ્રંથ તરફ આપણે નજર પણ નથી નાખી શકતા?હે ઈશ્વર, રહેમ કર ને અમને જણાવ કે તું ક્યા ધર્મનો છે જે અમે પાળી શકીએ,એ માટે અમે ગોઠવણ કરીએ."

'જ્ઞાનોદય'ના તંત્રીએ આ બાળા પાસેથી આ નિબંધ સાંભળ્યો ને એમને એટલું આશ્ચર્ય થયું ને એના ક્રાંતિકારી વિષ્યવસ્તુથી એટલા પ્રભાવિત થયા કે આખો નિબંધ બે ભાગમાં 16 ફેબ્રુઆરી અને 1 માર્ચે અહમદનગરથી પ્રકાશિત થતા અખબારમાં પ્રસિદ્ધ કર્યો. એ વરસે મુંબઈ પ્રેસિડેન્સીના કેળવણી રિપોર્ટમાં આ નિબંધ સરકારે પ્રસિદ્ધ કર્યો.એ એન.વી.જોશીના પુસ્તક 'પૂના શહેરચા વર્ણન'(પૂના શહેરનું વર્ણન)માં પણ 1858માં છાપવામાં આવ્યો.

સમાજના કટુ વિરોધ અને ગાળો-ટીકા સહન કરીને પણ સાવિત્રીબાઈએ પોતાનું કામ સ્વસ્થ રહી ચાલુ જ રાખ્યું. જ્યારે સાવિત્રીબાઈ ઘેરથી શાળાએ જવું નીકળે ત્યારે સતાવનારા લોકો રસ્તા પર ઉભા રહી એમની રાહ જોતા ગંદા શબ્દો બોલતા, ક્યારેક પથ્થર ફેંકતા કે છાણ ઉછાળતા.કે કાદવ ઉછાળતા એટલે સાવિત્રીબાઈ શાળાએ જતાં ત્યારે બીજી એક સાડી પણ લઈ જતાં જે શાળાએ જઈને ગંદી થયેલી સાડી બદલી પહેરતાં. સાવિત્રી બાઈએ દૃઢતાપૂર્વક અને સતત પોતાનું શિક્ષણકાર્ય ચાલુ જ રાખ્યું.સંસ્થાએ

એમની અને છોકરીઓની સલામતી માટે ગાર્ડની નિમણૂક કરવી પડી.બળવંત સખારામ કોલ્હે એ લખેલ સ્મૃતિઓમાં લખ્યું હતું કે સાવિત્રીબાઈ એમને સતાવનારાઓને કહેતાં હતાં કે,

"હું મારી બહેનોને ભણાવવાનું પવિત્ર કામ કરી રહી છું. તમે ફેંકો છો એ પથ્થર ને છાણ મારે માટે તો ફૂલ છે.ભગવાન તમારું ભલું કરે!"

સાવિત્રીબાઈ-જોતીરાવે 1883 માં શરૂ કરેલ શિશુરક્ષક ગૃહ વિશેની ચોક્કસ માહિતી હમણાં હમણાં જ મળી રહી છે.અગત્યની વાત એ છે કે આ સંસ્થા બ્રાહ્મણ વિધવાઓ માટે જ શરૂ કરી હતી, એ માટે સાવિત્રીબાઈએ જ પહેલ કરી હતી.આ અંગેની બધી જાણકારી જોતીરાવે 4 ડિસેમ્બર, 1884 ના દિવસે મુંબઈ સરકારના અંડરસેક્રેટરીને લખેલ પત્રમાં મળે છે.

કાશીબાઈ નામની યુવાન વિધવા જોતીરાવને એક મિત્ર ગાવંડેના ઘેર રસોઈ કરનાર તરીકે કામ કરતી હતી.કાશીબાઈ ગરીબ,યુવાન, સુંદર સારા, આદરપાત્ર કુટુંબની હતી. પડોશમાં રહેતા એક શાસ્ત્રીએ આ અભણ સ્ત્રીનો ગેરલાભ ઉઠાવ્યો,ને એ ગર્ભવતી થઈ.જ્યારે ગર્ભપાતના બધા રસ્તા કારગત ન નીવડ્યા ત્યારે એણે એક સુંદર બાળકને જન્મ આપ્યો.શાસ્ત્રીએ પોતાની જવાબદારી સ્વીકારવાનો ઇનકાર કરી દીધો.કાશીબાઈ બરાબર ફસાયાં.હવે સમાજ એમને જીવવા નહીં દે એણે બાળકના ગળા પર બેસી જઈ નિર્દોષ બાળકને મારી નાખ્યું અને એની લાશ ગાવંડેના કમ્પાઉન્ડના કૂવામાં ફેંકી દીધી. પછી જ્યારે આની ખબર પડી ત્યારે પોલીસે કાશીબાઈ ઉપર કેસ કર્યો અને આંદામાનમાં કાળા પાણીની સજા થઈ.આ ઘટના 1883 માં બનેલી, પહેલી જ વાર કોઈ સ્ત્રીને આવી મોટી સજા થઈ હતી.

સાવિત્રીબાઈ અને જોતીરાવને આ ઘટનાથી ઘણો સંતાપ થયો, દુઃખ થયું.એ સમયે એમની આવક ખૂબ મર્યાદિત હતી.એમને જીવનનિર્વાહની તકલીફ હતી છતાં એમનાં હૃદય કરુણા ને ઉદારતા ભરેલાં હતાં.એમણે તરત પોતાના 305,ગંજ પેઠ,પૂનાના ઘરમાં જ આવી બ્રાહ્મણ વિધવાઓ માટે આશ્રયગૃહ ખોલ્યું.

બીજા બધા તો ફક્ત કેસની ચર્ચા કરતા રહ્યા જે આખા દેશમાં થઈ રહી હતી, પણ સાવિત્રીબાઈ અને જોતીરાવે પીડિત સ્ત્રીઓ માટે કામગીરી શરૂ કરી દીધી. આ જ તો ફરક હતો એમનામાં ને બીજાઓમાં.એમણે ઠેર ઠેર શહેરમાં ને જાત્રાધામોમાં જાહેરખબર મૂકાવી "કાળા પાણીની સજા ન થાય એ માટે. "એ રીતે બ્રાહ્મણ વિધવાઓ માટેના આશ્રયગૃહની બધાને જાણ થઈ.1884 સુધીમાં જુદે જુદે સ્થળેથી 35 બ્રાહ્મણ વિધવાઓ ત્યાં આવી.સાવિત્રીબાઈ આવી સ્ત્રીઓની ડિલિવરી કરાવતાં અને એમની સંભાળ લેતાં.

1874 માં બીજાં એક કાશીબાઈ એમને ત્યાં આવ્યાં,એમના દીકરાને સાવિત્રીબાઈ-જોતીરાવે દત્તક લીધો.એમણે એ બાળકને ઉછેરી મોટો કર્યો અને ડૉક્ટરી અભ્યાસ કરાવી ડૉકટર બનાવ્યો.આગળ ઉપર એણે પોતાનાં પાલક માતાપિતાનું કાર્ય ચાલુ રાખ્યું.10 જુલાઈ,1887 ના દિવસે જોતીરાવે પોતાનું વીલ કર્યું જે ડેપ્યુટી રજીસ્ટ્રારની ઓફિસમાં રજીસ્ટર કરવામાં આવ્યું.એમાં એમણે ગૌરવપૂર્વક નોંધ કરી કે સાવિત્રીબાઈ એ બધી સ્ત્રીઓની પોતાની દીકરીઓની સંભાળ લે એમ સંભાળ લેશે.

સાવિત્રીબાઈની પ્રેરણાથી નારાયણ મેઘાજી લોખંડેએ શરૂ કરેલી ચળવળ તેઓ દીન બંધુના તંત્રી અને શ્રમજીવીઓના નેતા હતા.એમણે હજામોને સંગઠિત કર્યા અને એ વખતે પ્રવર્તમાન રિવાજ, વિધવાઓનું મુંડન ન કરવું એવો ઠરાવ પસાર કરાવ્યો.હજામોની આ ઐતિહાસિક હડતાળ 9 એપ્રિલ,1890 ના ટાઈમ્સમાં પ્રસિદ્ધ થઈ.આ કોશિશ માટે ઇંગ્લેન્ડની સ્ત્રીઓએ એમને અભિનંદન પણ પાઠવ્યા.

1887 માં મહારાષ્ટ્રમાં ભયાનક દુષ્કાળ પડ્યો. સાવિત્રીબાઈ અને જોતીરાવ- જેઓ હમેશાં મુશ્કેલીઓમાં લોકસેવા માટે તત્પર રહેતાં -નિષ્ક્રિય બેસી રહેવું શક્ય જ નહોતું.
ગામેગામ ફરી એમણે ફાળો ઉઘરાવ્યો.મિત્રોની મદદથી એમણે ધાનકવાડીમાં વિક્ટોરિયા બાલાશ્રમ શરૂ કર્યો.ડૉ. શિવપ્પા જ્યાં દરરોજ ગરીબ અને જરૂરિયાતમંદ એક હજાર લોકોને

ભોજન આપવામાં આવતું.સાવિત્રીબાઈ અને એમના મિત્રો ખુદ રસોઈ કરતાં. આ સમયે વ્યાકરણ વિદ્વાન વિષ્ણુ શાસ્ત્રી ચીપલૂણકર મરાઠી ભાષાના કથળતા જતા વ્યાકરણ વિશે લખવામાં મગ્ન હતા!

## પ્રકરણ 4

જોતીરાવ અને સાવિત્રીબાઈ એક છાત્રાલય ચલાવતાં જેમાં દૂર દૂરથી વિદ્યાર્થીઓ ભણવા આવતા.

મુંબઈના એક વિદ્યાર્થી લક્ષ્મણ કરાડી જયા ,જેણે આ છાત્રાલયમાં ભણી સાવિત્રીબાઈનો સ્નેહ અનુભવ્યો હતો એ એનાં સ્મરણોમાં લખે છે કે,

"મેં સાવિત્રી બાઈ જેવી ઉદાર ને પ્રેમાળ કોઈ સ્ત્રી જોઈ નથી.સગી મા આપી શકે એના કરતાં પણ વધારે પ્રેમ એમણે અમને આપ્યો છે."

બીજા એક વિદ્યાર્થીએ એની હૃદયસ્પર્શી સ્મૃતિઓમાં સાવિત્રીબાઈના સ્વભાવ,ખૂબ જ સાદગી ભરેલું જીવન, અને સાવિત્રીબાઈ- જોતીરાવ વચ્ચેના ઘનિષ્ઠ પ્રેમ વિશે લખ્યું છે.એ છોકરો મહાદુ શહાદુ વાગલે લખે છે:

"સાવિત્રીબાઈ બહુ ઉદાર હતાં, એમનું હૃદય ઉદારતાથી ભર્યું ભર્યું હતું.ગરીબ અને જરૂરિયાતમંદ લોકો પ્રત્યે એમને ખૂબ જ અનુકંપા હતી.

એ સદાય જમાડતાં,જો કોઈ સ્ત્રીના શરીર પર ફાટેલાં કપડાં જોવે તો પોતાના ઘરમાંથી સાડી કાઢીને એને આપી દેતાં.

આને લીધે તાત્યા(જોતીરાવ) ક્યારેક કહેતા કે , "બહુ ખર્ચો કરવો જોઈએ નહીં."ત્યારે તેઓ સ્મિત કરતાં ને પૂછતાં, "મરીએ ત્યારે સાથે શું લઈ જવાનું છે?" તાત્યા થોડો ટાઈમ ચૂપ બેસી રહેતા,એમની પાસે કોઈ જવાબ નહોતો.એ બંને એકમેકને બેહદ પ્રેમ કરતાં હતાં. સાવિત્રીબાઈ સ્ત્રીઓની ઉન્નતિ અને પ્રગતિ માટે બહુ ઉત્સાહિત હતાં. તે સુંદર, મધ્યમ બાંધાનાં હતાં.એ કાયમ શાન્ત અને સ્વસ્થ રહેતાં. તેઓ એટલાં શાન્ત હતાં કે જાણે ગુસ્સો એ શું એ જાણતાં જ નહોતાં.એ કાયમ સ્મિત વેરતાં રહેતાં.બધાં એમને કાકુ(કાકી) કહેતાં. ઘેર કોઈ મહેમાન આવે તો એ રાજીરાજી થઈ જતાં ને એમને માટે સારું ખાવાનું બનાવતાં. જોતીરાવને સાવિત્રીબાઈ પ્રત્યે બહુ આદર હતો એ એ વાતે જણાઈ આવે કે જોતીરાવ સાવિત્રીબાઈને બોલાવતા ત્યારે આદરપૂર્ણ વિશેષણ વાપરતા.

સાવિત્રીબાઈ એમને 'શેતાજી'કહી બોલાવતાં.બંને વચ્ચે સાચો પ્રેમ હતો.
જોતીરાવ એવું કશું પણ કરતા નહીં જેમાં સાવિત્રીબાઈની સંમતિ ન હોય. સાવિત્રીબાઈ દીર્ઘદ્રષ્ટિ ધરાવતાં હતાં. એમનામાં વિચારોની સ્પષ્ટતા હતી. સામાજિક રીતે પરિચિત લોકો અને સગાંવહાલાંમાં એમનું સારૂં એવું માન હતું.
પૂનાની ઘણી ઉચ્ચ શિક્ષણ પામેલી સ્ત્રીઓ પણ સાવિત્રીબાઈને મળવા આવતી.પંડિતા રમાબાઈ અને આનંદીબાઈ પણ એમને મળવા આવતાં. સાવિત્રીબાઈ પણ જોતીરાવની જેમ સાદો પોશાક પહેરતાં.તેઓ મંગળસૂત્ર અને પોફ(મણકા પરોવેલ કાળો દોરો ) સિવાય બીજાં કોઈ ઘરેણાં પહેરતાં નહીં.તેઓ કપાળમાં કંકુનો મોટો ચાંલ્લો કરતાં.રોજ સૂર્યોદય પહેલાં તેઓ ઘરની સફાઈ કરી સ્નાન કરતાં.
એમનું ઘર હંમેશાં ચોખ્ખુંચણાક રહેતું, એમના બેઠકખંડમાં જરાય ધૂળ કે ગંદકી રહેતી નહીં.વાસણો ઘસીને ચકચકતાં ને વ્યવસ્થિત રાખતાં.તેઓ પોતે જ રસોઈ કરતાં ને તાત્યાના આહાર અને તબિયતનું ધ્યાન રાખતાં."

આ વર્ણન એવી વ્યક્તિનું છે જે એમની સાથે રહી ચૂકી છે. પ્રમાણભૂત દસ્તાવેજોને આધારે સાવિત્રી બાઈનું જે વર્ણન જોવા મળે છે એ કાલ્પનિક વર્ણન કરતાં પણ બહેતર છે.આ સાબિતી છેકે એક ક્રાંતિકારી નારીનું રોજીંદુ ગૃહજીવન કેવું હતું.

24 સપ્ટેમ્બર,1873ના દિવસે સત્ય શોધક મંડળની સ્થાપના થઇ હતી. સાવિત્રીબાઈ સત્યશોધક સમાજનાં સમર્પિત અને ઉત્સાહી કર્મશીલ હતાં.
સમાજે બ્રાહ્મણ વગર લગ્ન કરાવવા અને દહેજ વગર લગ્ન કરાવવા, ખૂબ સસ્તામાં લગ્ન કરવાની ઝુંબેશ ઉપાડી હતી.આવું પહેલું લગ્ન 22 ડિસેમ્બર,1873ના દિવસે થયું હતું.એ પછી તો આખા દેશમાં એનો પ્રસાર થયો હતો. સમાજનો પહેલો રિપોર્ટ ગૌરવભેર નોંધે છે કે આ સદીઓ જૂના રિવાજો વિરુદ્ધ આ ક્રાંતિકારી પહેલ અને રચનાત્મક વિદ્રોહ હતો.
સાવિત્રીબાઈની સખી બાજુબાઈ જ્ઞાનોબા નીમ્બા કર અને કર્મશીલ સીતારામ જાબાજી આલહતનું લગ્ન સૌ પ્રથમ સત્યશોધક લગ્ન હતું.સાવિત્રીબાઈએ આ લગ્નનો સંપૂર્ણ ખર્ચ

ભોગવ્યો હતો.લગ્નવિધિ રજીસ્ટર્ડ લગ્ન જેવી જ છે, જે મુજબ દેશના વિવિધ ભાગોમાં આવું લગ્ન થાય છે.આ લગ્નોનો ગોર અને બ્રાહ્મણોએ આખા દેશમાં વિરોધ કર્યો અને એના વિરુદ્ધ કોર્ટ કેસ પણ કર્યો.પરંતુ આવી તકલીફો છતાં જોતીબા અને સાવિત્રીબાઈ પોતાના માર્ગમાં ડગ્યાં નહીં.4 ફેબ્રુઆરી, 1889 ના દિવસે એમણે દત્તક પુત્ર યશવંતનું 16 વરસની ઉંમરે આ જ વિધિથી લગ્ન કરાવ્યું.આ આધુનિક ભારતનું સૌ પ્રથમ આંતરજ્ઞાતીય લગ્ન હતું.

સત્યશોધક લગ્નમાં વર અને કન્યાએ અમુક પ્રતિજ્ઞાઓ લેવાની હતી.જેમકે સ્ત્રીઓને શિક્ષણ આપવું અને પુરુષોનાં જેટલો જ હક્ક આપવો.લગ્ન વખતે ગાવાનું મંગલાષ્ટક વહુ અને વર પોતે જ ગાય અને એકબીજા માટે પ્રતિજ્ઞાઓ લે. યશવંતનું લગ્ન સત્યશોધક સમાજના અગ્રણી જ્ઞાનોબા કૃષ્ણાજી સસાણેની પુત્રી રાધા ઉર્ફે લક્ષ્મી સાથે થયું હતું.તેઓ બંને એકબીજાથી અને એકબીજાના ગમા અણગમાથી પરિચિત થાય એ માટે સાવિત્રીબાઈએ લગ્ન પહેલાં કન્યાને ફૂલે ઘરમાં રાખી હતી.એમણે રાધાના અભ્યાસની પણ ગોઠવણ કરી આપી હતી.

સાવિત્રીબાઈ લક્ષ્મી સાથે કેવું વર્તન કરશે એ વિશે જોતીબાએ 24 સપ્ટેમ્બર,1888 ના દિવસે સસાણે કુટુંબને લખેલા પત્રમાં જણાવ્યું હતું."મારી પત્નીએ ઘરની બધી જવાબદારી પોતાને માથે લીધી છે જેથી લક્ષ્મી સારી રીતે અભ્યાસ કરી શકે." સાવિત્રીબાઈ દેખીતી રીતે જ સાસુપણું દાખવે એવાં નહોતાં, બલ્કે એમણે ઘરની પૂરી જવાબદારી ઉપાડી લીધી જેથી વહુ સારી રીતે અભ્યાસ કરી શકે.

## પ્રકરણ 5

જુલાઈ 1887 માં જોતીબાને લકવાનો હુમલો આવ્યો. જમણું અંગ સંપૂર્ણ પણે રહી ગયું.માંદગી દરમ્યાન સાવિત્રીબાઈએ રાતદિવસ ખડેપગે એમની સેવાસુશ્રુષા કરી. તેઓ સાજા થઈ ગયા અને લખવા પણ માંડ્યા.આ એવો સમય હતો જયારે તેઓ આર્થિક ભીંસમાં આવી ગયાં હતાં.'પૂના બાંધકામ ને કોન્ટ્રાકટ કંપની'ની આવક એકદમ ઘટી ગઈ હતી. આવકના સ્રોત સૂકાઈ ગયા હતા ને ખર્ચા વધી ગયા હતા. માંદગીમાં થયેલ ખર્ચ એમને માટે કપરું હતું. છાત્રાલય, શિશુહત્યા નિવારણ આશ્રમ, સત્યશોધક સમાજ અને બાળકોના અભ્યાસનો ખર્ચ સમસ્યાઓ વધારે વિકટ બનાવતું હતું.એક સમય એવો પણ આવી ગયો જ્યારે જોતીરાવના ઈલાજ માટે પણ પૈસા નહોતા.ડૉ. વિશ્રામ રામજી ગોલે એ એમની વિના મૂલ્યે સારવાર કરી હતી.

જોતીરાવના શુભેચ્છક અને વિચારક,રાજકીય સંત મામા પરમાનંદે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડને જોતીરાવ અને સાવિત્રીબાઈને આર્થિક સહાય કરવા 31 જુલાઈ, 1890 ના દિવસે પત્ર લખ્યો.

એમણે દંપતીએ કરેલ ઐતિહાસિક કાર્યનો ઉલ્લેખ કર્યો.સમકાલીન વિચારકનું આવું મૂલ્યાંકન મહત્વનું છે."ખૂબ વિપરીત સંજોગોમાં જોતીરાવે એમનાં પત્ની સાવિત્રીબાઈ દ્વારા બ્રાહ્મણ છોકરીઓને શિક્ષણ આપ્યું અને તે પણ રૂઢિચુસ્તોના ગઢમાં,એવા લોકોની ઈચ્છા વિરુદ્ધ.મહાર-માંગ વર્ગ માટે શાળા ખોલવી એ તો સિંહની બોડમાં માથું ઘાલવા જેવું કપરું કામ હતું.જોતીરાવ કરતાં પણ એમનાં પત્ની વધારે પ્રશંસા ને પાત્ર છે...." એમણે લખ્યું હતું. આ પછી 9 ઓગસ્ટના દિવસે મામાએ ફરી તત્કાળ આર્થિક સહાય કરવા વડોદરાનરેશને પત્ર લખ્યો.

"જોતીબાએ એમના જીવનનાં ઘણાં વરસ લોકોની નિસ્વાર્થ સેવા માટે ખર્ચી નાખ્યાં છે.

આજે તેઓ લાચાર જીવન ગુજારી રહ્યા છે અને એમને તત્કાળ મદદની જરૂર છે."
વડોદરાના મહારાજાને જોતીરાવના કામ માટે ઘણો આદર હતો.પરંતુ શક્ય છે કે ઊંચી જાતિના નોકરશાહોએ આ પત્રો મહારાજા સુધી પહોંચવા જ ન દીધા હોય.
28 નવેમ્બર,1890 ના દિવસે જોતીરાવનું અવસાન થયું.

ડિસેમ્બર,1890 માં મામાએ ત્રીજો પત્ર લખ્યો.
"મહાત્માએ કદી પોતાનાં સુખદુઃખની પરવા કરી નહોતી.એમને બસ ચિંતા હતી તો પત્ની સાવિત્રીબાઈ અને દત્તક પુત્ર યશવંતની.ઓછામાં ઓછું હવે તો જોતીરાવના પરિવારને આર્થિક સહાય કરો."
જિદ્દી મામાએ દોઢ વર્ષ આ બાબતે પત્રવ્યવહાર કર્યો.એક વાર એમણે યશવંત અને સાવિત્રીબાઈના નામે પણ પત્ર લખ્યો.મામા અને જોતીબાના એક મિત્ર રામચંદ્રરાવ ધામણકરની નાની મોટી મદદથી પરિવારનું ગાડું માંડ ગબડતું.

છેવટે 10 ફેબ્રુઆરી1892 ના દિવસે મહારાજાએ સાવિત્રીબાઈ માટે ધામણકર મારફતે રૂપિયા એક હજારનો ચેક મોકલાવ્યો.આ રકમ એસ.નારાયણ કંપની ઓફ તુકારામતાત્યામાં રોકાણ મૂકવામાં આવી જેનું દર ત્રણ મહિને રૂપિયા 50 વ્યાજ મળવા લાગ્યું.2 માર્ચ, 1892 ના દિવસે ધામણકરે મામાને પત્ર લખ્યો જેમાં જણાવ્યું,

"મહારાજાને લાગે છે કે જોતીરાવની સ્મૃતિમાં વિશાળ સ્મૃતિમંદિર બનાવવું જોઈએ.
એ માટે મહારાજા સારી એવી રકમ આપવા તૈયાર છે." મહારાજાએ સાવિત્રીબાઈની ખબર પૂછાવી છે એમ પણ જણાવ્યું.પરંતુ આ સ્મૃતિમંદિર કદી વાસ્તવમાં શક્ય ન બન્યું.
જ્યારે જોતીબાનું અવસાન થયું ત્યારે સાવિત્રીબાઈ ત્યાં પથારી પડખે હાજર હતાં.
એમને પોતાના વિલમાં એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે એમના દેહને અગ્નિદાહ આપવાને બદલે શરીર પર મીઠું નાખી દફનાવવામાં આવે.
એ માટે એમણે પોતાના ઘર પાછળની જમીનમાં ખાડો પણ ખોદાવી રાખ્યો હતો.

પરંતુ મ્યુનિસિપાલિટીના ઓફિસરોએ રહેણાંક જમીનમાં દફન કરવાની રજા ન આપી એટલે અગ્નિદાહ સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો.જે કોઈ અંતિમ યાત્રામાં માટલી પકડી સ્મશાને જાય છે એને વારસ ગણવામાં આવે છે ને એને મૃતકની મિલકત મળે છે.આ અંગે જોતીબાનો ભત્રીજો ત્યાં આવી ચડ્યો અને યશવંત નહીં પણ પોતે વારસદાર છે એવો દાવો કરવા લાગ્યો. એ વખતે સાવિત્રી બાઈ હિંમતભેર આગળ આવ્યાં અને મુખાગ્નિ માટલી પોતાના હાથમાં પકડી લીધી અને જોતીરાવની અંતિમ યાત્રામાં અગ્રસર થયાં.એમણે પોતે જ જોતીબાના દેહને અગ્નિને સોંપ્યો.ભારતના હજારો વરસના ઇતિહાસમાં કોઈ સ્ત્રીએ અંતિમ સંસ્કાર કર્યો હોય એવું પ્રથમ વાર બન્યું.30 નવેમ્બરે એમની ભસ્મ ઘેર લાવવામાં આવી.જોતીબાએ જે સ્થળે પોતાને દફન કરવામાં આવે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી એ ખોદવામાં આવેલ ખાડામાં ભસ્મ મૂકવામાં આવી. સાવિત્રીબાઈએ ત્યાં તુલસી વૃંદાવન રોપ્યું.આજે પણ એક પથ્થરપાદુકા એના પાયામાં મૂકાયેલી જોઈ શકાય છે.આ રીતે સાવિત્રીબાઈએ જોતીરાવની સ્મૃતિને શાશ્વત બનાવી દીધી.

જોતીરાવના અવસાન પછી સાવિત્રીબાઈએ સત્યશોધક ચળવળનું પોતાના અવસાન સુધી નેતૃત્વ કર્યું.યશવંતે મેડિકલ અભ્યાસ પૂરો કરી લશ્કરમાં નોકરી લીધી.એ માટે એને દેશવિદેશ પ્રવાસ ખેડવો પડતો.આવા એક પ્રવાસ દરમ્યાન 8 માર્ચ,1895 ના દિવસે એની પત્ની રાધા ઉર્ફે લક્ષ્મીનું અવસાન થયું.આમ સાવિત્રીબાઈ ઘેર એકલાં થઈ ગયાં.

1803 ના સાસવડ ખાતેની સત્યશોધક કોન્ફરન્સ સાવિત્રીબાઈ ફૂલેના પ્રમુખપદે યોજવામાં આવી.1896 ના દુકાળ વખતે એમણે તનતોડ સેવા બજાવી.

1897 ની શરૂઆતમાં જ પૂનામાં પ્લેગ ફાટી નીકળ્યો. રોજ સેંકડો લોકોનાં મરણ થતાં.સરકારે પ્લેગ પર કાબૂ કરવા રાન્ડ નામના ઓફિસરના વડપણ હેઠળ પગલાં ભરવા

કોશિશ કરી.સાવિત્રીબાઈએ યશવંતને રજા લઈ પૂના આવવા કહ્યું.એણે સસાણે પરિવારના ખેતરમાં હોસ્પિટલ ખોલી.

સાવિત્રીબાઈ પોતે બીમાર વ્યક્તિઓને ઊંચકીને હોસ્પિટલમાં લઈ આવતાં અને સારવાર કરાવતાં.રોગ ચેપી છે એની પૂરી જાણકારી હતી છતાં એમણે પોતાનું સેવાકાર્ય, પ્લેગના દર્દીઓની સેવા ચાલુ રાખી.
મૂંધવા ગામ બહારની મહાર વસતીમાં પાંડુરંગ બાબાજી ગાયકવાડના દીકરાને પ્લેગ થયો છે એવી ખબર પડતાં તેઓ એને પોતાની પીઠ પર ઉપાડી હોસ્પિટલમાં લઈ આવ્યાં.એમાં એમને પોતાને પ્લેગનો ચેપ લાગી ગયો અને 10 માર્ચ,1807 ની રાતે 9 વાગે એમનું અવસાન થયું.

'દીનબંધુ'એ એમના મૃત્યુના સમાચાર ઘેરા શોક અને દુઃખ સાથે પ્રગટ કર્યા." પુત્રને ખભે બાંધી દુશ્મનો સામે લડતી લક્ષ્મીબાઈની વીરતાની જેઓ તારીફ કરે છે એમણે પોતાની પીઠ પર બેસાડી માંદા બાળકને બચાવનાર આ મહિલાની વીરતાની તદ્દન અવગણના કરી છે."

## પ્રકરણ 6

માતાના મૃત્યુ પછી એકલવાયા ડૉ. યશવંતને બહુ સંતાપ થયો.1903 માં એણે ચંદ્રભાગા બાઈ સાથે લગ્ન કર્યું.લગ્નથી સોની ઉર્ફે લક્ષ્મી નામની દીકરી થઈ. લશ્કરી સેવામાં એણે હોંગ કોંગ,આફ્રિકા અને ચીનમાં સેવાઓ આપી.13 ઓક્ટોબર,1906 ના દિવસે એનું અવસાન થયું.

અનાથ હોવાની ને એકલતાની લાગણીથી ચંદ્રભાગાબાઈ અને દીકરી સોની ખૂબ પીડાયાં. એમણે સૌ પ્રથમ જોતીરાવનાં પુસ્તકો રદ્દીવાળાને વેચી કાઢયાં,પછી ઘરનાં વાસણો પણ વેચી દેવાં પડ્યાં.છેલ્લે 28 ઓક્ટોબર,1910 ના રોજ સાવિત્રીબાઈ અને જોતીરાવે બાંધેલું ઐતિહાસિક મકાન માત્ર સો રૂપિયામાં મારુતિ કૃષ્ણાજી દેડગેને વેચી દેવું પડ્યું.
જોતીરાવ અને સાવિત્રીબાઈની પુત્રવધૂ બેઘર થઈ ગઈ અને એ રામેશ્વરના એક મંદિરમાં મૃત્યુ પામી.એનો અંતિમ સંસ્કાર મ્યુનિસિપાલિટીએ કર્યો હતો.

એમની દીકરીએ બાબુરાવ ગંગારામ હોલે સાથે લગ્ન કર્યું હતું- એમને એક દીકરો ને એક દીકરી એમ બે સંતાનો થયાં.દત્તાત્રેય બાબુરાવ હોલે પૂના દત્તાવાડી ખાતે રહે છે .દીકરી મધુરા કોડરે મૂંધવામાં રહેતાં હતાં.

લક્ષ્મીબાઈ 1838 માં મરણ પામ્યાં. ડૉ.યશવંતની પત્ની ચંદ્રભાગાબાઈ તો એ અગાઉ લગભગ 1930 માં મરણ પામ્યાં હતાં.એક ક્રાંતિકારી કુટુંબને આવી હૃદયદ્રાવક તકલીફો- બેઘરપણું વેઠવાનું આવ્યું.જોતીરાવ અને સાવિત્રીબાઈ જેમણે સેંકડો વિધવાઓના જીવનમાં પ્રકાશ પાથર્યો હતો એમની પુત્રવધૂને  મંદિરના પગથિયે બેવારસ મરવું પડ્યું. જો જોતીબા- સાવિત્રીબાઈએ પોતાની પરસેવાની કમાણી સામાજિક સેવામાં ખર્ચવાને બદલે નાણાં ક્યાંક રોક્યાં હોત તો પુત્રવધૂ ને પૌત્રીને આટલો શોક અને અભાવ સહેવાં પડયાં ન હોત.

જોતીરાવ પોતે ઈલાજના અભાવે મૃત્યુ પામ્યા હતા.સાવિત્રીબાઈ અને ડૉ. યશવંત પ્લેગથી બીમાર લોકોના ઈલાજ કરાવવામાં મૃત્યુને વર્યાં. સાવિત્રી, જોતીરાવની પુત્રવધૂ ફૂટપાથ પર બેઘર મૃત્યુ પામી જ્યારે એમની પૌત્રીને ગરીબીને કારણે વિધુર સાથે લગ્ન કરવું પડ્યું.આ કરુણ અંત વિશે શું કહી શકીએ?

સાવિત્રી બાઈએ મૂલ્યવાન લેખન કર્યું છે.એમાં નીચેની કૃતિઓનો સમાવેશ થાય છે. 1. 'કાવ્યફૂલે' કવિતાસંગ્રહ 1854

2.જોતીરાવનાં પ્રવચનો સંપાદન:સાવિત્રી બાઈ ફૂલે 25 ડિસેમ્બર,1856

3.સાવિત્રીબાઈના જોતીરાવ ને પત્રો

4.માતોશ્રી સાવિત્રીબાઈનાં પ્રવચનો.1802 5.'બાવનકાશી સુબોધ રત્નાકર',1892

આ તમામ લેખન 194 પાનાંના એક પુસ્તક 'The Complete Works of Savitribai Phule' સંપાદક:ડૉ. એમ.જી.માળી માં પ્રકાશિત થઈ ચૂક્યું છે.એ પુસ્તકની પ્રસ્તાવના વિખ્યાત વિચારક અને ફિલસૂફ ડૉ. સુરેન્દ્ર બારીંગેએ લખી છે.

'કાવ્યફૂલે' સાવિત્રી બાઈનો કવિતાસંગ્રહ છે જેમાં 41 કવિતાઓ છે, એ 1854 માં પ્રકાશિત થયો હતી.એમાં પ્રકૃતિ,સામાજિક મુદ્દા, પ્રબોધન અને ઐતિહાસિક કવિતાઓ છે.

'જોતીરાવ ફૂલેનાં પ્રવચનો'નું સંપાદન સાવિત્રીબાઈએ કર્યું હતું.આ ચાર પ્રવચનોની સંપૂર્ણ નોંધ ચાર્લ્સ જોશીએ કરી હતી.25 ડિસેમ્બર,1856 ના રોજ આ પુસ્તક પ્રકાશિત થયું હતું.

'સાવિત્રીબાઈના જોતીરાવને પત્રો' માં સાવિત્રીબાઈએ ઓતુર અને નાયગાંવથી લખેલા ત્રણ પત્રો છે.

Speeches of Matoshree Savitribai'માં વિવિધ વિષયો પર સાવિત્રીબાઈએ કરેલાં પ્રવચનો છે. વિષયોમાં શિક્ષણ આપવું,સદવર્તન, વ્યસન,લોન વગેરે છે.આ પુસ્તકનું સંપાદન શાસ્ત્રી નારો બાબાજી મહાડાત પાનસરેએ કર્યું હતું અને વત્સલ પ્રેસ, વડોદરાએ 1892 માં પ્રસિદ્ધ કર્યું હતું.

'બાવનકાશી સુબોધ રત્નાકર' કવિતાસંગ્રહ છે જે ભારતનો ઇતિહાસ વર્ણવે છે જેમાં જોતીરાવે લખેલ ગદ્યનો પણ ઉલ્લેખ છે.એમાં 52 કાવ્યો છે.કવિતા 1891 માં રચવામાં આવી હતી અને જોતીબાના મૃત્યુ પછી 1892 માં પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં આવી હતી.

જોતીરાવને આખા જીવન દરમ્યાન સાવિત્રીબાઈએ આપેલ ટેકો અને સાથ-સહકાર અજોડ છે.સ્ત્રીપુરુષ સમાનતા અને શાંતિમય સાથનો આદર્શ એમણે સાર્થક કર્યો જે સમય અને સ્થળની સીમાઓને ઓળંગી ગયો. એમનાં કર્યો- શિક્ષણ, સામાજિક ન્યાય,
જાતિ નિર્મૂલન,અને બ્રાહ્મણી સત્તાનું નિર્મૂલન માત્ર ભૂતકાળને જ નહીં, વર્તમાનને પણ અજવાળે છે. એમણે આપેલ ફાળો આજના જમાનામાં પણ અજોડ છે.સાવિત્રીબાઈનો વારસો આપણાં જીવનને સદાય સમૃદ્ધ કરશે.

# સાવિત્રીબાઈ ફૂલે : જીવન અને કાર્ય

જાન્યુઆરી 3, 1831 : જન્મ નાયગાંવ, જિ. સતારા,લક્ષ્મી અને ખંડોબા નાવસે પાટીલ માતાપિતા

1840 : નવ વર્ષની ઉંમરે , 13 વર્ષના જોતીરાવ ગોવિંદરાવ ફૂલે સાથે લગ્ન. પતિ દ્વારા અક્ષરજ્ઞાન.

1847: અહમદનગર અને પૂના માં શિક્ષકની તાલીમ

1848: ભારતની પ્રથમ કન્યાશાળા, ભીડેવાડા, પૂના. પ્રથમ સ્ત્રી શિક્ષક. બ્રાહ્મણોના ભયંકર ઉહાપોહ, ગાળો, પથ્થરમારો અને કાદવ ફેંકવા જેવા ત્રાસનો નીડર સામનો કરીને શિક્ષણકાર્ય.

1849: જોતીરાવના પિતાએ સામાજિક પ્રવૃતિ બંધ કરો અથવા ઘર છોડો એમ કહેતાં જોતીરાવ સાથે ઘર છોડ્યું.

1851: પૂનામાં ત્રણ કન્યાશાળાઓ

1852: બ્રિટિશ સરકાર દ્વારા ફૂલે દંપતીનું જાહેર સન્માન

1852 કુલ 18 શાળાઓ

28 જાન્યુઆરી,1853: બાળહત્યા પ્રતિબંધક ગૃહની સ્થાપના.વિધવા ગર્ભવતી સ્ત્રીઓ માટે આશ્રય

1854: પ્રથમ કવિતાસંગ્રહ

1874: વિધવા કાશીબાઈ ના પુત્ર યશવંતને દત્તક લીધો.

1874: સત્યશોધક સમાજની સ્થાપના, સામાજિક પ્રસંગો બ્રાહ્મણ વિના. માનવમાત્રની સમાનતા.

28 નવેમ્બર,1890: જોતીરાવનું પક્ષાઘાતથી મૃત્યુ

1890: સત્ય શોધક સંઘના પ્રમુખપદે.

10 માર્ચ,1897: પ્લેગમાં દર્દીઓની સેવા કરતાં પ્લેગથી મૃત્યુ. પુત્ર ડો.યશવંતનું પણ પ્લેગના દર્દીઓની સેવા કરતાં મૃત્યુ.

## પ્રો.હરિ નરકે
## (1જૂન,1963 – 9 ઓગસ્ટ 2023)



જ્યોતિબા ફુલે અને ડૉ. બાબાસાહેબ આંબેડકર વિશેના વિદ્વાન,વિચારક અને વક્તા.
સમગ્ર મહાત્મા ફૂલે વાંગ્મયનું સંપાદન.
મહારાષ્ટ્ર સરકાર દ્વારા પ્રકાશિત ડૉ. આંબેડકર લેખન અને વ્યાખ્યાનના છ ભાગ (17 થી 22)નું સંપાદન.
6000 જેટલાં જાહેર વ્યાખ્યાન.
સવિત્રીબાઈ ફુલે પૂના યુનિવર્સિટીમાં પ્રોફેસર અને જ્યોતિબા ફુલે ચેરના હેડ.

## ડૉ. ગણપત વણકર

ગુજરાતી દલિત સાહિત્યના હિંદી અને અંગ્રેજી અનુવાદક.અન્ય ભારતીય ભાષાઓમાંથી દલિત સાહિત્યના ગુજરાતી અનુવાદ.
અનુવાદો રાષ્ટ્રીય સાહિત્યિક સામયિકોમાં પ્રકાશિત.
દલિત સાહિત્ય વિષયક અનેક બ્લોગ.
અન્ય અનુવાદો: ગુલામગિરી, જાતિનિર્મૂલન, તડકોછાંયડો
માનસિક રોગ નિષ્ણાત, મેડિકલ કોલેજમાં 40 કરતાં વધારે વર્ષ મનોરોગ વિષયનું અધ્યાપન.